# સ્ટાફની અછત વચ્ચે VNSGUએ સ્કૂલો માટે રોજગાર મેળો યોજયો

**બે દાયકાથી** ખાલી જગ્યાઓનો મોટો ખાડો, છતાં બહારની ૩૬ શાળા માટે શિક્ષકોની ભરતીમાં યુનિવર્સિટીનું તંત્ર વ્યસ્ત

### સ્થાનિક સ્ટાફમાં ફાફાં અને બહારની શાળાઓ માટે 600 શિક્ષકોની ભરતી પ્રક્રિયા

યુનિવર્સિટીના સૂત્રો માની રહ્યા છે કે છેલ્લા કેટલાક વર્ષોમાં ભરતી સંબંધિત જાહેરાતો તો કરવામાં આવી, પરંતુ અંતિમ નિમણૂકોમાં વિલંબ, કાનૂની અવરોધ અને વહીવટી ગોટાળાને કારણે અનેક પોસ્ટો આજે પણ ખાલી છે. પરિણામે વર્ગખંડોમાં નિયમિત પ્રોફેસરોની સંખ્યા ઘટી રહી છે અને શૈક્ષણિક ગુણવત્તા પર અસર થતી હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. એક તરફ યુનિવર્સિટી પોતાના કેમ્પસમાં સ્થાયી સ્ટાફ માટે ફાફાં મારી રહી છે, તો બીજી તરફ બહારની શાળાઓ માટે ૬૦૦થી વધુ શિક્ષકોની ભરતી પ્રક્રિયામાં ભાગીદાર બનવું વિસંગતતા ગણાઈ રહી છે.

સુરતઃ શહેરની અગ્રણી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી પોતાનાં શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક સ્ટાફની લાંબા સમયથી ખાલી પડેલી જગ્યાઓ ભરવામાં નિષ્ફળ રહી હોવા છતાં હવે ખાનગી અને સ્વનિર્ભર સ્કૂલો માટે શિક્ષકોનો રોજગાર મેળો યોજી રહી છે, જેને લઇને શિક્ષણ જગતમાં ચર્ચા અને સવાલો ઊભા થયા છે.

૨૧/૦૨/૨૦૨૬ના રોજ યુનિવર્સિટીના રૂરલ સ્ટડીઝ વિભાગ ખાતે સવારે ૯થી ૩ વાગ્યા સુધી શિક્ષકોના રોજગાર મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ મેળો શિક્ષણ અને તાલીમ ભવન, સુરત તથા મદદનીશ નિયામક (રોજગાર કચેરી) સુરતના સંયુક્ત ઉપક્રમે યોજાઈ રહ્યો છે. મેળામાં ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી માધ્યમની ૩૬ જેટલી શાળાઓએ નોંધણી કરાવી છે. ધોરણ ૧થી ૫ માટે ૧૬૬, ધોરણ ૬થી ૮ માટે ૧૬૧, ધોરણ ૯થી ૧૦ માટે ૧૦૮, ધોરણ ૧૧-૧૨ સાયન્સ માટે ૫૬, કોમર્સ માટે ૯૮ અને આર્ટસ માટે ૩૭ જેટલી શિક્ષકોની જગ્યાઓ દર્શાવવામાં આવી છે. કુલ મળીને ૬૨૬થી વધુ શિક્ષકોની માંગ રજૂ કરવામાં આવી છે. પરંતુ સવાલ એ છે કે યુનિવર્સિટીમાં જ વર્ષોથી પ્રોફેસર, આસિસ્ટન્ટ પ્રોફેસર, ક્લાર્ક અને અન્ય બિન-શૈક્ષણિક સ્ટાફની જગ્યાઓ ખાલી હોવા છતાં તેની ભરતી પ્રક્રિયા ધીમી ગતિએ કે અડધવચ્ચે અટકેલી છે. અનેક વિભાગોમાં ગેસ્ટ ફેકલ્ટી અને કોન્ટ્રાક્ટ આધારિત કર્મચારીઓ પર નિર્ભરતા વધતી જાય છે. વિદ્યાર્થીઓ અને શૈક્ષણિક વર્તુળોમાં ચર્ચા છે કે પોતાની ભરતી પ્રક્રિયા પારદર્શક અને સમયબદ્ધ રીતે પૂર્ણ કરવામાં નિષ્ફળ રહેલી યુનિવર્સિટી હવે સ્કૂલો માટે રોજગાર મેળો યોજીને "સક્રિયતા"દર્શાવવાનો પ્રયાસ કરી રહી છે.

# ભરૂચની દરિયાઈ પટ્ટી પર કમોસમી વરસાદ

**તૈયાર** શિયાળુ પાકને નુકસાન થવાની ભીતિ

ભરૂચ : અચાનક વરસેલા વરસાદે લગ્ન પ્રસંગો તો બગાડ્યા જ છે સાથે સાથે ખેડૂતોની ઊંઘ હરામ કરી દીધી છે. ફેબ્રુઆરી મહિનાના મધ્યમાં ભરૂચ જીલ્લામાં કમોસમી વરસાદથી શિયાળુ પાકને મોટા પાયે નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે.જેને કારણે લગ્નસરાની મોસમમાં પણ વરસાદના છાંટાથી જાણે વિઘ્ન આવ્યું હોય એવો અહેસાસ થઈ રહ્યો છે. હાંસોટના ગ્રામ્ય વિસ્તારો જેવા કે ઈલાવ, બાલોતા અને સાહોલમાં વરસાદી છાંટા પડ્યા હતા.અંકલેશ્વર GIDC સહીત કોસમડી,કાપોદ્રા,ભડકોદ્રા ગામોમાં કમોસમી માવઠું પડ્યું હતું.અણધાર્યા માવઠાથી નાગરીકોએ એક દિવસમાં વરસાદ, ઠંડી અને ગરમીનો અહેસાસ થશે. જેમાં તૈયાર થયેલો શિયાળુ પાકને નુકસાન થવાની શક્યતા છે. મિશ્ર ઋતુને લઈને બીમારીઓ વધવાનું જોખમ દેખાઈ રહ્યું છે.

### ડાંગમાં વાદળછાયા વાતાવરણ વચ્ચે માવઠું

સાપુતારા : ડાંગ જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકથી વાતાવરણમાં આવેલા અચાનક પલટાને કારણે સમગ્ર પંથકમાં ભય અને ચિંતાનું મોજું ફરી વળ્યુ છે. આકાશમાં છવાયેલા કાળા ડિબાંગ વાદળો અને પવનની ગતિમાં થયેલા ફેરફારને પગલે માવઠાની પ્રબળ શક્યતા જોવા મળી રહી છે, આ વાદળછાયા વાતાવરણની વચ્ચે અમુક પંથકોમાં કમોસમી વરસાદ પડ્યો હતો. જેને કારણે ખેડૂતોના જીવ અધ્ધર થઈ ગયા છે. ખાસ કરીને બાગાયતી પાકો માટે જાણીતા આ જિલ્લામાં અત્યારે આંબા પર મોટા પ્રમાણમાં આમ્રમંજરી (મોર) બેઠેલી છે અને ક્યાંક નાના ફળ પણ દેખાઈ રહ્યા છે. જો આ સમયે વરસાદ પડે અથવા વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધે, તો આ મંજરી ખરી પડવાની અને ફળોને જંગી નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે, જેનાથી આ વર્ષે કેરીના ઉત્પાદનમાં મોટો ઘટાડો આવી શકે છે. બીજી તરફ, ડાંગના ડુંગરાળ વિસ્તારોમાં જે ખેડૂતોએ રોકડિયા પાકોનું વાવેતર કર્યું છે તેમની હાલત પણ કફોડી બની છે.

**સુરતમાં પુરવઠા વિભાગ એટલે "ઉપરથી નીચે સુધી ભ્રષ્ટાચારની હારમાળા"**

# વ્યક્તિ દીઠ ૫ કિલોને બદલે પરિવાર દીઠ 5 કિલો આપી 'કાપ'

**કતારગામ**-ચોક વિસ્તારમાં દુકાનોની જાળ અને હજારો કાર્ડધારકોના હક્કના અનાજમાં મોટો ખેલ

**હજારો** પરિવારોના હક્કના અનાજ પર માત્ર ગણતરીના દુકાનદારોનો કાબૂ, તલસ્પર્શી તપાસની માંગ

### "ગોડાઉનથી ઓછું આવે છે" કહી દુકાનદારો ખેલ પાડે છે

કાર્ડધારકો જણાવે છે કે પૂરું અનાજ માંગતાં દુકાનદારો "ગોડાઉનથી જ ઓછું આવે છે" કહી હાથ ખંખેરી દે છે. કેટલીક જગ્યાએ તો વધુ પ્રશ્ન પૂછતા રેશનકાર્ડ રદ્દ કરવાની ધમકી આપવામાં આવે છે. જ્યારે સત્તાવાર રીતે જુનાગામ ગોડાઉનથી લાખો ટન અનાજ વિતરણ થતું હોવાની વાત છે, ત્યારે ગોડાઉનથી ઓછું આવતું હોવાનું કારણ શંકાસ્પદ બની રહ્યું છે.

### રેશનકાર્ડ ચાલુ કરવા '2 હજારની વસૂલી'નો આક્ષેપ

ચોંકાવનારી વાત એ પણ સામે આવી છે કે જેમનું રેશનકાર્ડ કોઈ કારણસર બંધ થયેલું હોય, તેઓ પાસેથી ૨,૦૦૦ રૂપિયા લઈ કાર્ડ ફરી શરૂ કરાવવામાં આવે છે. ગરીબ અને મહેનતકશ પરિવારો માટે આ રકમ ભારે સાબિત થાય છે, છતાં અનાજ માટે મજબૂરીએ ચૂકવણી કરવી પડે છે.

### ઝોનલથી મામલતદાર સુધી 'પ્રસાદી' પહોંચાડે છે?

સ્થાનિક સ્તરે ચર્ચા છે કે ઉપરથી નીચે સુધી 'પ્રસાદી' પહોંચાડવામાં આવતી હોવાથી જ દુકાનદારો નિર્ભય બની 'કામગીરી' કરી રહ્યા છે. ઝોનલ કચેરી અને મામલતદાર સ્તર સુધી સંકળાયેલાની ખૂલ્લી વાતો થતાં સિસ્ટમ પર ગંભીર સવાલો ઊભા થયા છે.

સુરતઃ સુરત શહેરમાં જાહેર વિતરણ પ્રણાલી (PDS) અંતર્ગત ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોને મળતા અનાજમાં ગંભીર ગેરરીતિઓ બહાર આવી રહી છે. નિયમ મુજબ પરિવારના દરેક સભ્ય દીઠ ૫ કિલો અનાજ આપવાનું હોય છે, છતાં અનેક દુકાનદારો પરિવાર ગમે તેટલા સભ્યોનો હોય તો પણ માત્ર 5-5 કિલો ઘઉં અને ચોખા આપી 'કાપ'મારી રહ્યા હોવાનું કાર્ડધારકો આક્ષેપ કરી રહ્યા છે.

મળતી માહિતી મુજબ નાકજી રબારી કતારગામ વિસ્તારમાં ૧૦ દુકાન સંભાળે છે અને આશરે ૮,૦૦૦ રેશનકાર્ડનો વહીવટ કરે છે. રાહુલ ખટીક પાસે કુલ ૬ દુકાન છે. કતારગામમાં ૪ અને ચોક વિસ્તારમાં ૨ છે અને લગભગ ૫,૦૦૦ કાર્ડ જોડાયેલા છે. કૈલાશ પોટલા નાનપુરા અને મજુરા ઝોનમાં ૮ દુકાન સંભાળી આશરે ૭,૫૦૦ કાર્ડનો વહીવટ કરે છે.

આંકડાઓ દર્શાવે છે કે હજારો પરિવારોના હક્કના અનાજ પર ગણતરીના દુકાનદારોનો કાબૂ છે. આ સમગ્ર મામલે પુરવઠા વિભાગે તાત્કાલિક તપાસ હાથ ધરી દુકાનોના સ્ટોક રજિસ્ટર, ગોડાઉનથી થયેલા પુરવઠા અને કાર્ડધારકોને થયેલા વિતરણની ક્રોસ ચકાસણી કરવી જરૂરી બની છે. જો આક્ષેપો સાચા સાબિત થાય તો સંબંધિત દુકાનદારોના લાઇસન્સ રદ્દ કરી કડક કાનૂની કાર્યવાહી કરવી જોઈએ તેવી માંગ ઉઠી રહી છે. ગરીબોના હક્કના અનાજમાં ગેરરીતિ કોઈપણ સંજોગોમાં સહન ન થાય. "ઉપરથી નીચે સુધી ભ્રષ્ટાચારની હારમાળા"તૂટે અને પારદર્શક વ્યવસ્થા અમલમાં આવે તે જરૂરી છે.

# ગુજરાતના દરેક નાગરિકના માથે સરેરાશ રૂ. 68,577નું દેવું

**ડબલ** એન્જિન સરકારમાં ટ્રિપલ દેવાદાર બન્યું ગુજરાત : ડૉ. મનીષ દોશી

અમદાવાદ : ગુજરાત પર વધતા જાહેર દેવા મુદ્દે ગુજરાત કોંગ્રેસે રાજ્ય સરકાર પર તીખો પ્રહાર કર્યો છે. ગુજરાત કોંગ્રેસના પ્રવક્તા ડૉ. મનીષ દોશીએ નિવેદનમાં કહ્યું કે 'ડબલ એન્જિન' ના મોટા દાવાઓ વચ્ચે આજે ગુજરાત પર અંદાજે 4,45,537 કરોડથી વધુનું જાહેર દેવું છે, જે રાજ્યની આર્થિક સ્થિતિ અંગે ગંભીર પ્રશ્નો ઊભા કરે છે. ડૉ દોશીએ દાવો કર્યો હતો કે આ આંકડા મુજબ દરેક ગુજરાતી નાગરિકના માથે સરેરાશ 68,577 જેટલું દેવું બેસે છે. "શું આ વિકાસનું મોડેલ કહેવાય?" એવો સવાલ ઉઠાવતા તેમણે કહ્યું કે છેલ્લા કેટલાંક વર્ષોમાં વિકાસના નામે મોટા પ્રોજેક્ટોની જાહેરાતો અને ભવ્ય સમારંભો યોજાયા, પરંતુ તેનો સીધો લાભ સામાન્ય નાગરિકને કેટલો મળ્યો તે ચર્ચાનો વિષય છે.

ડૉ. દોશીએ જણાવ્યું હતું કે રાજ્યમાં યુવાનો રોજગાર માટે સંઘર્ષ કરી રહ્યા છે, ખેડૂતો પાકના યોગ્ય ભાવ માટે લડી રહ્યા છે અને નાના વેપારીઓ મોંઘવારી તથા બજારની મંદીથી પરેશાન છે. આવા સમયમાં સરકાર પર વધતા દેવાના ભાર અંગે પારદર્શિતા જરૂરી છે.તેમણે આક્ષેપ કર્યો હતો કે જાહેર નાણાંનો મોટો હિસ્સો જાહેરાતો અને છબી નિર્માણ કાર્યક્રમોમાં વપરાય છે, જ્યારે શિક્ષણ, આરોગ્ય, કૃષિ, રોજગાર અને નાના ઉદ્યોગોને વધુ મજબૂત બનાવવાની જરૂર છે.

કોંગ્રેસના પ્રવક્તાએ જણાવ્યું કે દેવું વધે એટલે વ્યાજનો બોજ પણ વધે છે, જે આવતી પેઢી પર આર્થિક ભાર મૂકે છે. તેમણે કહ્યું કે જવાબદાર શાસનમાં નાણાકીય શિસ્ત અને જવાબદારી અનિવાર્ય છે.

# વાંસદામાં શિક્ષણનું મંદિર હચમચ્યું સગીરા સાથે ડિરેક્ટરનું દુષ્કર્મ

**દુષ્કર્મ,** POCSO અને એટ્રોસિટી હેઠળ ગંભીર ગુનો નોંધાયો, 4 દિવસના પોલીસ રિમાન્ડ, DySP તપાસમાં

**વાલીઓમાં** ચિંતા અને વ્યથા "બાળકોનું ભવિષ્ય જ્યાં ઘડાય છે, ત્યાં સુરક્ષાની ખાતરી કોણ આપશે?"



નવસારી : નવસારી જિલ્લાના વાંસદા તાલુકાના મહુવાસની 'શ્રી સત્ય સાઈ લક્ષ્મી મોહન વિદ્યાલય'માં બનેલી ઘટનાએ સમગ્ર પંથકને અંદરથી ઝંઝોડીને મૂકી દીધો છે.

ધોરણ 11માં અભ્યાસ કરતી સગીર વિદ્યાર્થિનીની ફરિયાદના આધારે શાળાના ડિરેક્ટર દિશાન્ત કમલેશભાઈ મોહનસિંહ ઠાકોર વિરુદ્ધ દુષ્કર્મ અને છેડતીનો ગુનો નોંધાયો છે.

પોલીસે આરોપીની ધરપકડ કરી તેને સેશન કોર્ટ, નવસારી સમક્ષ રજૂ કર્યો હતો. કેસની ગંભીરતા ધ્યાનમાં રાખીને કોર્ટે આરોપીના 4 દિવસના પોલીસ રિમાન્ડ મંજૂર કર્યા છે. સમગ્ર મામલાની તપાસ જિલ્લા પોલીસ વડાના માર્ગદર્શન હેઠળ DySP દ્વારા હાથ ધરવામાં આવી રહી છે.

સમગ્ર મામલે શાળા સંચાલન તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર પ્રતિસાદ સામે આવ્યો નથી, જેના કારણે ચર્ચા અને ચિંતા બંને વધુ ગાઢ બની રહ્યા છે. જિલ્લા પોલીસ દ્વારા ખાતરી આપવામાં આવી છે કે તપાસ નિષ્પક્ષ અને ઝડપથી આગળ વધારવામાં આવી રહી છે અને પીડિતાને ન્યાય મળે તે માટે તમામ જરૂરી પગલાં લેવામાં આવશે.

વાંસદાની આ ઘટના એક ગંભીર સંદેશ આપી રહી છે. શિક્ષણનું સાચું મૂલ્ય ત્યારે જ છે, જ્યારે તે સાથે સુરક્ષા, જવાબદારી અને વિશ્વાસની મજબૂત ખાતરી પણ જોડાયેલી હોય. હવે સમગ્ર વિસ્તારની નજર તપાસના પરિણામ અને ન્યાય પર ટકેલી છે.

# કામરેજમાં પોલીસ ભરતીની દોડ દરમિયાન યુવકનું મોત

**એસ.આર.પી.** ગ્રુપ-૧૧ વાવ ખાતે ૧૩મા રાઉન્ડ દરમિયાન તબિયત બગડી

સુરતઃ વલસાડ મોગરાવાડીમાં રહેતા ૨૭ વર્ષીય યુવકનું પોલીસ ભરતી દોડ દરમિયાન મોત થયું હતું.

રવિન્દ્રભાઈ પ્રવિણભાઈ બારીયા (ઉ.વ.૨૭, રહે. દેવ દર્શન સોસાયટી, મકાન નં.૪૯, મોગરાવાડી, તા.જી. વલસાડ) ગુજરાત પોલીસ ભરતી માટે કામરેજ તાલુકાના મૌજે વાવ ગામની સીમમાં એસ.આર.પી. ગ્રુપ-૧૧ વાવના ગ્રાઉન્ડ ખાતે દોડમાં ભાગ લેવા આવ્યા હતા. ૧૨ ફેબ્રુઆરીએ બપોરે દોડ દરમિયાન ૧૩મા રાઉન્ડમાં તેમને અચાનક પગમાં ભારે દુઃખાવો તેમજ ચક્કર આવતાં તબિયત બગડી હતી. ફરજ પર હાજર ઈમરજન્સી ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેમને નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર બાદ ડિસ્ચાર્જ આપવામાં આવ્યો હતો.

ત્યારબાદ તેઓ પોતાના રેસ્ટ રૂમ પર પરત ફર્યા હતા. જો કે ફરીથી પગ અને છાતીમાં દુઃખાવો શરૂ થતાં મિત્રો દ્વારા નજીકની ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયા હતા. ત્યાંથી તેમને કામરેજ સિટી કેર હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યા ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

# સુરતમાં SMIMER હોસ્પિટલને અદ્યતન ALS એમ્બ્યુલન્સની ભેટ અપાશે

**કેન્દ્રીય** મંત્રી સી.આર. પાટીલના માર્ગદર્શન હેઠળ ધારાસભ્ય સંદીપ દેસાઈના પ્રયાસથી ૩૫ લાખની ફાળવણી

સુરતઃ ચોર્યાસી વિધાનસભાના ધારાસભ્ય સંદીપ દેસાઈએ તેમના ધારાસભ્ય તરીકેના નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ના અનુદાનમાંથી સુરત મ્યુનિસિપલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ (SMIMER હોસ્પિટલ) માટે ALS એમ્બ્યુલન્સ વસાવવા માટે રૂ.૩૫ લાખની વિશેષ ફાળવણી કરી છે.

આ ફાળવણીને ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મંજૂરી આપી છે. જેના પગલે આગળની કાર્યવાહી પૂર્ણ કરી એમ્બ્યુલન્સને લોકસેવામાં મૂકવાનો કાર્યક્રમ આયોજિત કરાયો છે. લોકાર્પણ સમારોહ તા.૨૧/૨/૨૦૨૬ ને શનિવારે બપોરે ૩ વાગ્યે વેસુ ફાયર સ્ટેશન, વેસુ, સુરત ખાતે યોજાશે.

લોકાર્પણ કાર્યક્રમ ભારત સરકારના જળશક્તિ મંત્રાલયના મંત્રી સી.આર. પાટીલના માર્ગદર્શન હેઠળ ધારાસભ્ય સંદીપ દેસાઈના અધ્યક્ષ સ્થાને અને વરદ હસ્તે યોજાશે.

આ કાર્યક્રમમાં ચોર્યાસી વિધાનસભામાં સમાવિષ્ટ ગુજરાત પ્રદેશ, સુરત મહાનગર-જિલ્લાના હોદ્દેદારો, સભ્યો, વિવિધ મોરચાના હોદ્દેદારો અને સભ્યો તેમજ વોર્ડ-તાલુકાના હોદ્દેદારો, ચુંટાયેલા જનપ્રતિનિધિઓ, સક્રિય સભ્યો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહેશે.

# પાકિસ્તાનની જેલમાં 2 વર્ષમાં ગુજરાતના 3 માછીમારનાં મોત

ગાંધીનગર : ગુજરાતના 128 માછીમારો હાલમાં પાકિસ્તાનની જેલમાં બંધ હોવાનું વિધાનસભામાં સરકારએ પ્રશ્નના લેખિત જવાબમાં જણાવ્યું છે. વિધાનસભામાં મત્સ્યોદ્યોગ સરકાર દ્વારા માહિતી આપી હતી કે, 20મી જાન્યુઆરી 2026ની સ્થિતિએ 21મી જાન્યારી 2024 થી 20મી જાન્યુઆરી 2025 દરમિયાન 2 માછીમારોના મૃત્યુ થયા હતા, જ્યારે તા. 21મી જાન્યુઆરી થી 20મી જાન્યુઆરી 2026 દરમિયાન 1 માછીમારનું મૃત્યુ થયું હતું. આમ છેલ્લા બે વર્ષમાં કુલ 3 માછીમારોના મૃત્યુ થયા છે. માછીમારોની મુક્તિ માટે રાજ્ય સરકારે કેન્દ્ર સરકારને સમયાંતરે પત્રવ્યવહાર કર્યો હોવાનું મંત્રીએ જણાવ્યું હતું.

# કુખ્યાત ચિરાગ ગોટીને ટ્રાન્સફર વોરંટથી હવે બીલીમોરા લવાશે

**ભાગીદારના** ભાઈને માર મારવાના કેસમાં બીલીમોરા પોલીસેની કોર્ટમાં અરજી

બીલીમોરા : બીલીમોરા નજીક પોંસરી ગામે ભાડાની ઓફિસમાં સુરતના ચિરાગ ગોટીએ ધોલાઈ ખાતાના છૂટક ડીઝલ ઓઈલના વ્યવસાયના પાર્ટનરના ભાઈને ૧૧ હજારનો હિસાબ નહીં મળતા બેરહેમીથી લાકડાના ફટકા મારી ધમકી આપવાનો કેસ બીલીમોરા પોલીસમાં નોંધાયો હતો. આ ગુનામાં પોલીસે આરોપીનો કબજો મેળવવા માટે પોલીસે કોર્ટના અરજી કરી છે કોર્ટના હુકમ બાદ પોલીસ આરોપીનો કબ્જો મેળવી કોર્ટમાં રજૂ કરશે.

સુરતમાં જેની સામે ફરિયાદોનો દોર છૂટ્યો છે તેવા કુખ્યાત ચિરાગ ગોટીની મુશ્કેલીઓમાં સતત વધારો થઈ રહ્યો છે. સુરત પોલીસ બાદ હવે બીલીમોરા પોલીસ પણ ચિરાગનો ટ્રાન્સફર વોરંટથી કબજો મેળવવાની તૈયારી કરી રહી છે. વર્ષ ૨૦૨૪ માં ધોલાઈ માં છૂટક ઓઈલ ડીઝલનો વ્યવસાય કરતાં ચિરાગ ગોટીના પાર્ટનરના ભાઈ પાર્થ મિયાણી જે ધંધાનો હિસાબ કિતાબ જોતો હતો. જે માટે તેમણે બીલીમોરા પોંસરી સુઈ તલાવડીમાં એક દુકાન ભાડે રાખી હતી. આ દરમિયાન ધંધામાં ૧૧ હજારના હિસાબની ભુલ આવતા આ રકમ પાર્થ મિયાણીએ લઈ લીધી હોવાનો આક્ષેપ કરી ચિરાગ ઉશ્કેરાયો હતો અને પોતાની ધાક જમાવવા માટે ક્રૂરતાની હદ વટાવી દીધી હતી. જેમાં ચિરાગે તેના માણસને ફોન આપી આદેશ આપ્યો હતો કે, હું પાર્થને મારું તેનું તારે રેકોર્ડિંગ કરવાનું છે.

ચિરાગે પાર્થને દંડા વડે બેરહેમીથી માર માર્યો હતો, જેના કારણે પાર્થને પગના ભાગે ગંભીર ફેક્ચર થયું હતું. માર માર્યા બાદ ચિરાગ પાર્થને બળજબરીપૂર્વક સુરત લઈ ગયો હતો. તેને ગોંધી રાખ્યા બાદ પાર્થના ઘરેથી ૧૧ હજાર લીધા બાદ જ તેને મુક્ત કર્યો હતો. ચિરાગે આ મારપીટનો વિડીયો વાયરલ કરી ધમકી આપી હતી કે જો કોઈને જાણ કરશે તો જાનથી મારી નાખશે. ચિરાગ ગોટીના આતંકને કારણે ભોગ બનનાર પાર્થ મિયાણી અત્યાર સુધી ચૂપ રહ્યો હતો. હાલમાં સુરત પોલીસે ચિરાગની ધરપકડ કરી હોવાથી પાર્થે હિંમત દાખવી બીલીમોરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. બીલીમોરા પોલીસે કોર્ટમાં અરજી કરી છે. ટૂંક સમયમાં ટ્રાન્સફર વોરંટના આધારે ચિરાગ ગોટીનો સુરતથી કબજો મેળવી બીલીમોરા લાવવામાં આવશે અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરાશે.

# ગણેશવાલા સવારે ફરજ પર હાજર થયા બાદ અંડર ગ્રાઉન્ડ

**બે** માસ પહેલા કોન્ટ્રાક્ટરોએ વાય. સી.દેસાઇ અને પરવાના વિરૂદ્ધ નામ જોગ ફરિયાદ કરેલી

સુરતઃ એસઈબીમાં જેની સામે ફરિયાદ દાખલ થઈ છે તે, વિપુલ ગણેશવાલા સવારે ઝોનમાં સ્વચ્છતા ઝુંબેશ માટેના ઝોનલ વડા નિલેશ પટેલ સાથે રાઉન્ડમાં હતા. અંદાજે 9 વાગ્યા બાદ ગણેશવાલાના ઘરે પોલીસ પહોંચી ગઈ ત્યાર બાદ તેઓ રાઉન્ડ પુરો કરી ચાલ્યા ગયા બાદ અંડર ગ્રાઉન્ડ થઈ ગયા હતા. એટલે રાઉન્ડ દરમિયાન ગણેશવાલાને એસીબીની ટ્રેપની ગંધ આવી ગઈ હોય શકે તેવી શકયતા છે.

ચોંકાવનારી બાબત એ છે કે, લિંબાયત ઝોનમાં ચાલતા આ વ્યાપક ભ્રષ્ટાચાર અંગે અગાઉ નાના કોન્ટ્રાક્ટરોએ મ્યુનિસિપલ કમિશનર તેમજ ભાજપ સંગઠનને લેખિતમાં ફરિયાદ કરી હતી, જેમાં જણાવ્યું હતું કે, લિંબાયત ઝોનમાં કાર્યપાલક ઈજનેર ગણેશવાલાનુ તંત્ર પરવાના અને ડેપ્યુટી ઈજનેર વાય. સી.દેસાઈ દ્વારા ચાલે છે. આ લોકોની મિલીભગતમાં એટલો ત્રાસ કરવામાં આવ્યો હોત કે ઝોનના અધિકારમાં આવતા કામો માનિતા ચોકક્સ કોન્ટ્રાકટરોને જ તગડી ટકાવારી લઈ અપાતા હતા. ટકાવારીમાં બાંધછોડ કરવાનું કહેનાર ઈજારદારોના પેમેન્ટ અટકાવાતા હતા. એક કોન્ટ્રકટરના તો 50 લાખના પેમેન્ટને મંજુર કરવા 17 લાખ સુધીની કટકી લેવાઈ હોવાની ચર્ચા છે. જો કે રાજકીય આર્શિવાદના કારણે કોઈ કાર્યવાહી થઈ નહોતી. જેને કારણે ભ્રષ્ટાચારીઓ બેફામ બની ગયા હતા.

### પરવાની પાસામાં પણ અટકાયત થઈ ચૂકી છે

પુણાગામ સંજયનગર ખાતે રહેતા પરવાના સામે 4 ડિસેમ્બર, 2024ના રોજ પાસા હેઠળ અટકાયતનો હુકમ કરવામાં આવ્યો હતો. પરવાના પોતાની ગુનાહિત છબી છુપાવવા માટે પોતે પત્રકાર અને કન્સ્ટ્રક્શન ક્ષેત્ર સાથે જોડાયેલો હોવાની છાપ ઊભી કરતો હતો.

### ઇજનેર વિપુલ ગણેશવાલાનો વિવાદાસ્પદ ઇતિહાસ, તંત્રની નિષ્ક્રિયતા સામે રોષ

લિંબાયત ઝોનમાં અઢી વર્ષથી ફરજ બજાવતા વિપુલ ગણેશવાલાનો કાર્યકાળ વિવાદોથી ઘેરાયેલો રહ્યો છે. ઝોનના રહીશો અને નાના બિલ્ડરોએ તેમના ત્રાસ અંગે અનેકવાર અવાજ ઉઠાવ્યો છે. અગાઉ કતારગામ ઝોનમાં પણ તેમની વિરુદ્ધ ફરિયાદો નોંધાઈ હતી. તેમ છતાં પાલિકા તંત્ર દ્વારા અત્યાર સુધી કોઈ કડક પગલું ન લેવાતા તંત્રની નિષ્ક્રિયતા સામે રોષ જોવા મળી રહ્યો છે.

### કામ શૈતાનનું, ચહેરો મસીહાનો, ફોર્ચ્યુનર, ઇન્સ્ટાગ્રામ રીલ્સ અને દાનનો દેખાવ કરતો

પરવાના સફેદ ફોર્ચ્યુનર કારમાં ફરતો અને સમાજમાં પોતાની ઊંચી છબી ઊભી કરવાનો પ્રયાસ કરતો હતો. ઉઘરાણીથી મેળવેલા નાણાંના જોરે તે ઇન્સ્ટાગ્રામ પર સમાજસેવી છબી દર્શાવતી રીલ્સ મૂકતો હતો. સામાજિક કાર્યક્રમોમાં હાજરી આપી અને સરકારી શાળાઓમાં પુસ્તકોનું વિતરણ કરીને પોતાની ગુનાહિત છાપ ઢાંકવાનો પ્રયાસ કરતો હતો. બહારથી દાનવીર અને અંદરથી ઉઘરાણીનો ખેલ - આવી ચર્ચાઓ વિસ્તારમાં ચાલી રહી છે.

**અનુસંધાન** ... પાના છેલ્લાનું

**વિધેયકમાં સુધારો:...**

નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે રાજ્યમાં કેટલાક અસામાજિક તત્વો દ્વારા ઓળખ છુપાવીને, લાલચ કે છળકપટથી લગ્ન નોંધાવવાના બનાવો સામે આવ્યા છે. ખાસ કરીને પંચમહાલ જિલ્લાના કેટલાક ગામોમાં ગેરરીતિથી 'નિકાહ' સર્ટિફિકેટ ઇશ્યૂ થયાની વિગતો સામે આવતા સરકાર સતર્ક બની છે. આ મામલામાં ઊંડાણપૂર્વક તપાસ કરીને સંબંધિત લોકો સામે કડક કાર્યવાહી કરવામાં આવી હોવાનું તેમણે જણાવ્યું.

તેમણે સ્પષ્ટ કહ્યું હતું કે લવ-મેરેજનો વિરોધ નથી, પરંતુ 'છેતરપિંડી' અને 'બળજબરી' સામે રાજ્ય સરકાર સખત વલણ અપનાવશે. "કોઈ વ્યક્તિ પોતાની ઓળખ છુપાવીને રાજ્યની દીકરીને ફસાવશે તો તેની સામે કડકમાં કડક કાર્યવાહી થશે," એમ તેમણે ચેતવણી આપી.

## ન્યાય વિભાગ અને સામાજિક સંસ્થા વચ્ચે 30 બેઠક બાદ નિર્ણય

છેલ્લા ત્રણ મહિનામાં કાયદા અને ન્યાય વિભાગ દ્વારા વિવિધ સામાજિક સંસ્થાઓ સાથે આશરે ૩૦ બેઠકો યોજીને ચર્ચા-વિચારણા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્ય સરકારનો આ નિર્ણય સમાજમાં પારદર્શિતા વધારવા, ગેરઉપયોગ અટકાવવા અને દીકરીઓને સુરક્ષા કવચ પૂરું પાડવાના દિશામાં એક મહત્વપૂર્ણ પગલું ગણાઈ રહ્યો છે.

**કપરાડામાં ટ્રકમાં...**

સ્થાનિકોની મદદથી ઈકોમાં ફસાયેલા લોકોના મૃતદેહોને ભારે જહેમત બાદ બહાર કાઢી પી.એ કપરાડા સી.એચ.સી. લઈ જવાયા હતાં. અકસ્માત એટલો ભયંકર હતો કે, અંદર ફસાયેલા મૃતકોની ઓળખ માટે ભારે મુશ્કેલી સર્જાઈ હતી.

પ્રાથમિક વિગતો મુજબ, કપરાડા નજીકના આંબા જંગલ ગામના સબંધીઓ લોકો સાથે લગ્નની ખરીદી માટે નાનાપોંઢા જતા હતા ત્યારે

કુંભઘાટ નજીક શુક્રવારે પસાર થતી વખતે ઈકો નંબર જી.જે.15.સી. એલ 9668 સાથે ટ્રક નંબર એમ.એચ. 12 એચ.ડી.7866 વચ્ચે ભીષણ ટક્કર થઈ હતી. જેમાં ઈકો કારનો ભુક્કો બોલી ગયો હતો. અંદર સવાર તમામ લોકોને ભારે જહેમત બાદ બહાર કાઢવામાં આવ્યા હતાં. ઈકો કારમાં સવાર 7 પૈકી 5ના સ્થળ ઉપર જ કમકમાટીભર્યા મોત નિપજ્યા હતા. જ્યારે બે વ્યક્તિના હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નિપજ્યા હતા.

આ અકસ્માતમાં જીવ ગુમાવનારામાં બે મહિલા પણ હતી. જ્યારે આ અકસ્માતમાં એક પતિ-પત્ની શિવરામ માંગી અને રમીલા માંગીના પણ કરૂણ મોત નિપજ્યા હતા. મૃતકો નાનાપોંઢામાં ઘરઘંટી ખરીદવા જઈ રહ્યા હતાં. જોકે અધવચ્ચે જ અકસ્માતમાં તમામ લોકો કાળનો કોળિયો થતાં ઘરઘંટી લેવાનું સ્વપ્ન અધુરું રહ્યું હતું. કપરાડા તાલુકાના ધારાસભ્ય અને પૂર્વ મંત્રી જીતુભાઈ ચૌધરી પણ કપરાડા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં પહોંચી મૃતકોના પરિવારજનો સાથે વાતચીત કરી સંવેદના વ્યક્ત કરી હતી. પત્રકારો સાથેની વાતચીતમાં તેમણે મૃતકોને જરૂરી સહાય મળે તે માટે સરકારમાં રજૂઆત કરી હોવાનું જણાવ્યું હતું. ઘટનાની માહિતી મળતા જ તાલુકા પંચાયત પ્રમુખ હીરાબેન માહલા સામૂહિક આરોગ્ય કેન્દ્ર કપરાડા પહોંચી મૃતકોની ઓળખ માટેના પ્રયાસો પોલીસની મદદથી શરૂ કર્યા હતાં. નોંધનીય છે કે, મોતને ભેટનાર 7 પૈકી 6 લોકો તેમના ગામ આંબા જંગલના હતાં. સી.એચ.સી.માં તેમણે મૃતકોના પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી.

**500 મીટરે...**

ખાસ કરીને તમારે સ્પોર્ટ છે જે કુંભઘાટથી દોઢ કિલોમીટર પર ચાંગણવણ તરફ જતા રસ્તાની અંદર જે ટેકરો છે. ત્યાંથી ગાડી ઉપરથી નીચે ઉતરતા કોઈ ગાડીના લાઈનર ગરમ થઇ જાય, કોઈની બ્રેક ફેલ થઈ જાય, કોઈ ચાલુમાં એક વાર સ્પીડ પડી જાય તો ગીયર ન બદલી શકે એવા નાના-મોટા ઈશ્યુ છે. 500-500 મીટરે બમ્પર બનાવવાની રજૂઆત સરકારને પણ કરી છે અને કલેક્ટર અને એસપીને પણ વાત થઈ છે.

**સ્મીમેરમાં મેડિકલમાં...**

મુજબ સુરતના વિદ્યાર્થીઓને પણ વધારાનો લાભ મળવો જોઈએ. જરૂરી ઠરાવો કરીને શહેરના વિદ્યાર્થીઓને વધુમાં વધુ લાભ મળે તે માટે તમામ પ્રયાસો કરાશે. મેયરના નિવેદનથી સ્પષ્ટ થાય છે કે મનપા સ્તરે હવે આ મુદ્દે સક્રિયતા દાખવવાની તૈયારી શરૂ થઈ છે.

**વિસંગતતા હશે...**

પાલિકા સંચાલિત મેડિકલ કોલેજની સ્થિતિ અંગે પણ માહિતી મંગાવી છે. બેઠકોની સંખ્યા વધારવા માટે જે કાર્યવાહી કરવાની હોય તે ચોક્કસ કરીશું."

**સવારે ચોમાસું,...**

મુખ્યત્વે સૂકું રહેવાની સંભાવના દર્શાવવામાં આવી છે. સાથે જ આગામી બે દિવસ દરમિયાન લઘુત્તમ તાપમાનમાં 2થી 3 ડિગ્રી સુધીનો વધારો નોંધાઈ શકે છે. હવામાન વિભાગની આગાહી મુજબ શહેરમાં ગઈકાલની સરખામણીએ શુક્રવારે તાપમાનમાં નોંધપાત્ર વધારો નોંધાયો છે. ૧૯ ફેબ્રુઆરીએ મહત્તમ તાપમાન ૩૪.૨ ડિગ્રી અને લઘુત્તમ ૧૭.૬ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે ૨૦ ફેબ્રુઆરીએ મહત્તમ તાપમાન ૩૪.૮ ડિગ્રી સુધી પહોંચતાં ૦.૬ ડિગ્રીનો વધારો થયો છે. લઘુત્તમ તાપમાનમાં વધુ ઉછાળો જોવા મળ્યો છે. ગઈકાલે ૧૭.૬ ડિગ્રી રહેલું તાપમાન આજે ૨૦.૨ ડિગ્રી નોંધાયું છે, એટલે કે ૨.૬ ડિગ્રીનો વધારો થયો છે. આ વધારાના કારણે સવાર અને રાત્રિના સમયગાળામાં ઠંડકમાં ઘટાડો અનુભવાયો હતો. હવામાં ભેજનું પ્રમાણ પણ ૫૪ ટકાથી વધીને ૬૦ ટકા થયું છે. આજે ઉત્તર દિશાથી ૪ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે હળવો પવન ફુંકાયો હતો.

**લગ્ન પાર્ટી...**

અને ઠંડીનું જોર થોડું વધ્યું હોવાનું નાગરિકોએ અનુભવ્યું હતું. કેરી પકવતા ખેડૂતો પણ આ માવઠાથી ચિંતામાં મુકાયા છે.

**પૂર્વ કોર્પોરેટરનું...**

મારી મિલકત હતી તેમાં ગ્રાઉન્ડ ફ્લોર પ્લસ 1 બાંધકામ હતી છતાં ગેરકાયદે જણાવી ડિમોલીશન કર્યું. મેં મિલકત વેચી નાંખી તો હવે આજ લોકોના મેળાપીપણામાં એ મિલકત ચાર માળની બની ગઇ છે. ભાજપના જ સીનિયર નેતાની આ પોસ્ટથી ખળભળાટ મચી ગયો છે.

**વચેટિયો પરવાના...**

મારામારી કેસમાં પોલીસ તેને પકડી લિંબાયત પોલીસ ચોકીમાં લાવી હતી, પરંતુ ત્યાંથી તે કસ્ટડીમાંથી ભાગવામાં સફળ રહ્યો હતો. બાદમાં તેની વિરુદ્ધ પાસા હેઠળ પણ કાર્યવાહી થઈ ચૂકી છે.

**ACBએ ગણેશવાળાના...**

થાય છે, કબ્જે કરવામાં આવ્યા છે. હાલમાં બેંક ખાતા અને લોકર્સની તપાસ ચાલુ છે, જેમાંથી વધુ મોટા ભાંડાફોડ થવાની શક્યતા છે.

**ગેરકાયદે બાંધકામના...**

ઇસ્માઇલ ઉર્ફે પરવાના જમીલખાન પઠાણે મળીને 15 લાખ રૂપિયાની લાંચ માંગ્યાનો આરોપ ઘડ્યો છે. માહિતી મુજબ, મનપાના લિંબાયત ઝોનમાં આવેલી સંતોષ સબ ઇન્ડસ્ટ્રીયલમાં પ્લોટ નં. 134-135 પર ગત નવેમ્બરમાં ઝોન દ્વારા મનાઈ હુકમ આપ્યા બાદ ફેબ્રુઆરીમાં ડિમોલિશન શરૂ કરી 1.70 લાખનો ચાર્જ વસૂલવામાં આવ્યો હતો. બાકીનું બાંધકામ નહીં તોડવા માટે આરોપીઓએ ફરિયાદી પાસે પ્રથમ 21 લાખની માંગણી કરી હતી. રકઝક બાદ 15 લાખમાં સોદો નક્કી થયો હતો. ACBની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે ઇજનેર વિપુલ ગણેશવાલાએ સીધી લાંચ લેવાને બદલે પત્રકાર પરવાના પઠાણને વચેટિયા તરીકે ગોઠવ્યો હતો. ફરિયાદી સાથે થયેલી ટેલિફોનિક ચર્ચામાં તેમની સંડોવણીના સંકેતો મળ્યા છે. 19 ફેબ્રુઆરીએ આંજણા ઇન્ડસ્ટ્રીઝ, રઘુકુળ માર્કેટ નજીક ઓફિસ નં. 104માં પ્રથમ હપ્તા તરીકે 4 લાખ રૂપિયા આપવાનું નક્કી થયું હતું. ફરિયાદી રોકડ સાથે પહોંચતા ACBએ છટકું ગોઠવ્યું હતું. પત્રકાર પરવાનાએ રકમ સ્વીકારી લીધી, પરંતુ શંકા જતા તે 4 લાખ લઈને ફરાર થઈ ગયો હતો. ઇજનેર ગણેશવાલા પણ સ્થળ પર હાજર મળ્યો નહોતો. જેને પગલે ACBએ બંને આરોપી વિરુદ્ધ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ ગુનો નોંધી તપાસ તેજ કરી છે. ફરાર આરોપીઓને ઝડપી પાડવા અલગ-અલગ ટીમો કામે લાગી છે. લાંચની રકમની રિકવરી તેમજ આ કૌભાંડમાં અન્ય કોઈ અધિકારી કે દલાલની સંડોવણી છે કે કેમ તેની દિશામાં પણ તપાસ ચાલી રહી છે. ઉચ્ચ હોદ્દા પર રહેલા સરકારી અધિકારી દ્વારા પદનો દુરુપયોગ કરી ખાનગી વ્યક્તિ મારફતે લાંચનો વહીવટ ગોઠવાયો હોવાના આક્ષેપોએ મનપા તંત્રમાં ચાલતી ગેરરીતિઓને લઈને ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે.